જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૩૦ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૭૦,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટ :- સમાચાર યાદી નં.૧૮૭/૧૮

**નારોલ :** મુકેશભાઇ સ/ઓ રાજુભાઇ ભરવાડ (ઉ.વ.૧૯)(રહે,ભરવાડવાસ રાણીપુર ગામ કોજી હોટલની સામે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૧/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલ થી પીરાણા તરફ જવાના રોડ ઉપર કોજી હોટલ સામે ઓટોરિક્ષા નંબર જીજે.૦૧.બી.એક્સ.૨૧૦૪ નો અજાણ્યો ચાલક તથા તેના બે સાથી અજાણ્યા ઇસમોએ ભેગામળી મુકેશભાઇ પાસે રીક્ષા ઉભી રાખી, મુકેશભાઇને તથા તેઓના ભાઇને છરીના ઘા મારી ઇજાઓ કરી, મુકેશભાઇ ના ગળા માંથી બળજબરીથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.પરમાર ચલાવે છે.

## વાહન ચોરી :- સમાચાર યાદી નં.૧૮૮/૧૮

**રામોલ :** સંદીપકુમાર મનુભાઇ પટેલ (રહે,કેશર હાઇટસ ફ્લેટ, માધવ સ્કુલની બાજુમા વસ્ત્રાલ) એ તા.૨૬/૦૧/૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક રોડ ઉપર પોતાની મહિંદ્રા બોલેરો પિકઅપ ગાડી નંબર જીજે.૨૦.વી.૬૫૩૮ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૭/૧/૧૮ ના કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સંદિપકુમાર પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**મશીન માથા ઉપર પડતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૮૯/૧૮**

**દાણીલીમડા :** સિમ્પુ સ/ઓ શ્યામનયન રાય (ઉ.વ.૨૫)(રહે,ચાંદની કંપની શાહવાડી નારોલ) તા.૨૬/૧/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા નવા ઢોર બજાર ની સામે સ્વચ્છ કેલેન્ડર ફેકટરીમાં ખાતે પોતે મશીનનું કામ કરતી વખતે, મશીન શરીર પર પડતા, માથામાં ગંભીર ઇજા થતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૧/૧૮ રાતના ૧૦/૧૫ વાગે ફરજ પર ડો.શ્રી એ તેમને મૃતજાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદકુમાર થાવરાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦/૧૮**

**વટવા :** મહેશભાઇ નટુભાઇ ચુનારા (ઉ.વ.૨૬)(રહે, મોટો ચુનારાવાસ કુત્બેઆલામ દરગાહ પાછળ વટવા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૬/૧/૧૮ સાંજના ૬/૦૦ થી રાતનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે વટવા પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ હેકો.શ્રી જયેન્દ્રસિંહ કેશરીસિંહ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.